


### આજે છબીલદાસ પાર્ટી પ્લોટમાં સમર્થકોની બેઠક

# આજે નરહરિ અમીન ભાવિનો નિર્ણય કરશે

અમદાવાદ, તા. ૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ટિકિટ નહીં મળવાને કારણે નારાજ બનેલા કોંગ્રેસના અગ્રણી નરહરિ અમીનને સમજાવવા માટે કોંગ્રેસના રાષ્ટ્રીય આગેવાનોએ પ્રયાસો કરવા છતાંયે નરહરિ અમીન માન્યા નથી. અને આવતીકાલ તા. ૨જી ડિસેમ્બરને રવિવારે બપોરે ૧.૩૦ વાગ્યે અમદાવાદના એસ.જી. હાઇવે પર ગુજરાત હાઇકોર્ટની નજીક આવેલા છબીલદાસ પાર્ટી પ્લોટમાં તેમના સમર્થકો અને ટિકિટ નહીં મેળવી શકેલા કોંગ્રેસના તમામ આગેવાનો તથા કાર્યકરોની બેઠક બોલાવી છે. જેમાં કોંગ્રેસમાં રહેવું કે અન્ય પાર્ટીમાં જોડાવવું એ અંગેનો નિર્ણય કરાશે તેમ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગાંધીનગર દક્ષિણની બેઠક પરથી ટિકિટ ન અપાતા કોંગ્રેસના દિગ્ગજ ગણાતા નરહરિ અમીન નારાજ બન્યા છે. તેમજ નરહરિના સમર્થકો એવા શહેર કોંગ્રેસ પ્રમુખ પંકજ શાહ તથા વોર્ડ સમિતિઓના ૪૫ જેટલા પ્રમુખો, ૧૦ જેટલા કોર્પોરેટરો અને અનેક ટેકેદારોએ કોંગ્રેસમાંથી સામૂહિક રાજીનામાં આપી દેતાં કોંગ્રેસના મોવડી મંડળે ડેમેજ કંટ્રોલની કવાયત હાથ ધરી હતી. ગઇકાલે રાત્રે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને પ્રદેશના સહપ્રભારી અશોક તનવર નરહરિ અમીનને સમજાવવા માટે ગયા હતા. ત્યાર બાદ આજે પ્રદેશ કોંગ્રેસના પ્રભારી મોહન પ્રકાશે ફોન કરીને સમજાવવાના પ્રયાસો કર્યા હતા. દરમિયાન કેન્દ્રીય મંત્રી રાજીવ શુકલા દિલ્હીથી દોડી આવીને નરહરિ અમીનના નિવાસસ્થાને ગયા હતા. અને તેમને સમજાવવાના પૂરતા પ્રયાસો કર્યા હતા. છતાં નરહરિ અમીન લડી લેવાના મૂડમાં છે અને તેમણે આવતીકાલે એસ.જી. હાઇવે પરના છબીલદાસ પાર્ટી પ્લોટમાં તેમના સમર્થકોની બેઠક બોલાવી છે. એમાં કોઇ મહત્વનો નિર્ણય લે તેવી શક્યતા છે.

સૂત્રોના કહેવા પ્રમાણે કોંગ્રેસના નારાજ આગેવાનો હિંમતસિંહ પટેલ અને નરેશ રાવલ અમીનના સંપર્કમાં છે. તમે ભાજપમાં જોડાશો કે કેમ ? એવા સીધા પ્રશ્નના જવાબમાં નરહરિભાઇએ જણાવ્યું હતું કે, હજુ સુધી ભાજપ દ્વારા મારો સંપર્ક કરાયો નથી. મારા ઘણા મિત્રો ભાજપમાં છે તે લાગણી વ્યક્ત કરી રહ્યા છે. પરંતુ મેં હજુ કોઇ જ નિર્ણય કર્યો નથી. કાલે બેઠકમાં મારા સમર્થકો કહેશે તેમ કરીશ.

### કોંગ્રેસના કેન્દ્રીય મંત્રી રાજીવ શુકલા અને પ્રદેશ પ્રભારી મોહનપ્રકાશે પણ નરહરિને સમજાવવા પ્રયાસો કર્યા



### કડી વિધાનસભા બેઠક માટે ચૂંટણી નિરિક્ષક નિમાયા

મહેસાણા, તા. ૧

૨૪ કડી (અ.જા.) વિધાનસભા મતવિભાગ માટે ચૂંટણીના નિરિક્ષણ અર્થે ચૂંટણી નિરિક્ષક તરીકે શ્રી બળદેવ હરપાલસીંગ (આઈ.એ.એસ.)ની નિમણુંક થયેલ છે.જેમાં કડી ખાતે સરકારી આરામગૃહના રૂમ નંબર ૧ માં તારીખ ૧-૧૨-૨૦૧૨ થી ૨૦-૧૨-૨૦૧૨ સુધી રોકાનાર છે. જેમનો લેન્ડલાઈન ફોન નંબર ૨૪૦૨૪૪ તેમજ મોબાઈલ નંબર ૭૫૬૭૪-૬૮૫૮૯ છે. જેથી જાહેર જનતાને જરૂર જણાય તો સવારે ૧૦.૦૦ કલાકથી ૧૧.૦૦ કલાક દરમિયાન આરામગૃહ ખાતે રૂબરૂ સંપર્ક કરી શકે છે તેમ ૨૪ કડી (અ.જા.) વિધાનસભા મતદાર વિભાગ કડી શ્રી એચ.એસ. પટેલની અખબારી યાદીમાં જણાવાયું છે.

## ખેડબ્રહ્મા વિધાનસભા માટે દસ ફોર્મ મંજૂર

ખેડબ્રહ્મા, તા.૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે શુક્રવારના રોજ ૧૪ ફોર્મ ભરવામાં આવ્યા હતા. જેમાં શનિવારના રોજ ચકાસણીમાં તમામ ઉમેદવારના રોજ ચકાસણીમાં તમામ ઉમેદવારના ફોર્મ મંજૂર થતા ૨ ડમી અને ૨ વધારાના ફોર્મ નિકળી ગયા હતા. જેમાં કોંગ્રેસ તરફથી અશ્વિન કોટવાલના ડમી તરીકે લક્ષ્મણભાઈ કોટવાલ, ભાજપ તરફથી ભોજાભાઈ મકવાણાના ડમી તરીકે જશુભાઈ ખરાડીનું ફોર્મ તથા ભોજાભાઈ અને અપક્ષ ઉમેદવાર રૂમાલભાઈ ઘાંચીએ ભરેલા વધારાના ફોર્મ નિકળી ગયા હતા.

મંજૂર થયેલ ઉમેદવાર ◦ ભોજાભાઈ કુજાભાઈ મકવાણા - ભાજપ, અશ્વિનભાઈ લક્ષ્મણભાઈ કોટવાલ - કોંગ્રેસ, છગનભાઈ કેવળાભાઈ સોલંકી - જી.પી.પી., પારધી રેશ્માભાઈ નેતાભાઈ - બહુજન સમાજ પાર્ટી, પરમાર કાન્તીલાલ ધર્માજી - ભારતનો સામ્યવાદી પક્ષ, ધ્રાંગી રૂમાલભાઈ અરજણભાઈ - અપક્ષ, ડાભી દેવાભાઈ હિરાભાઈ - કોમ્યુનીસ્ટ પાર્ટી ઓફ ઈન્ડીયા, ડામોર કલેરેન્સકુમાર અજીતભાઈ - સમાજવાદી પાર્ટી, ડામોર સાયબાભાઈ હોમાભાઈ - ભારતીય નેશનલ જનતાદળ, સોથા સવજીભાઈ બહાજી - (આઈ.જે.પી.), ઉપરના દસ ઉમેદવાર માન્ય થતા ડમી તથા વધારાના ફોર્મ નિકળી ગયા હતા.

ભોજાભાઈ હળભાઈ મકવાણા - વધારાનું ફોર્મ, જશુભાઈ બાબુભાઈ ખરાડી - ડમી બન્ને ભાજપ, લક્ષ્મણભાઈ સુકાજી કોટવાલ - ડમી કોંગ્રેસ, ધ્રાંગી રૂમાલભાઈ અરજણભાઈ - વધારાનું - અપક્ષ

### માણસા વિધાનસભાના ઓબ્ઝર્વર તરીકે મુનીષ મોડગીલ

ગાંધીનગર, તા. ૧

૩૭-માણસા વિધાનસભા મતદાર વિભાગની ચૂંટણી લક્ષી કામગીરી સંબંધે ઓબ્ઝર્વર શ્રી મુનીષ મોડગીલની ભારતના ચૂંટણી પંચ તરફથી નિમંણુક કરવામાં આવી છે. મોબાઈલ નંબર- ૯૯૭૮૪ ૭૩૬૮૮ છે. શ્રી મુનીષ મોડગીલનું ઈમેલ એડ્રેસ- **m_moudgil@hotmail.com** છે. શ્રી મુનીષ મોડગીલનો રૂબરૂ સંપર્ક ચૂંટણી અધિકારી, ૩૭- માણસા વિધાનસભા મતદાર વિભાગ-નાયબ કલેકટરશ્રી અપીલની કચેરી, જિલ્લા સેવા સદન, સે-૧૧, ગાંધીનગર ખાતે કામકાજના દિવસ સાંજના ૪ થી ૫ થઈ શકશે. માણસા વિધાનસભા મતદાર વિભાગ અને નાયબ કલેકટરશ્રી અપીલની કચેરી, જિલ્લા સેવા સદન સે-૧૧ ગાંધીનગરે જણાવ્યું છે.

### જેડીયુના શરદ યાદવ ૭મીએ પ્રચાર માટે આવશે

## વિધાનસભા ચૂંટણીમાં જેડીયુ ૧૦ બેઠકો જીતશે જ : સિંઘવી

### અંબાજીથી ડાંગ સુધીના આદિવાસી વિસ્તારમાં જેડીયુએ ગામેગામે જઈને લોકસંપર્ક કર્યો છે : ચંદ્રરાજસિંહ સિંઘવી

અમદાવાદ, તા. ૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં જનતાદળ (યુ)એ ૯૦ બેઠકો પર પોતાના ઉમેદવારો ઊભા રાખ્યા છે જેમાં ૧૦ બેઠકો પર વિજયી નિશ્ચિત છે. તેમ જેડીયુના ગુજરાતના પ્રભારી ચંદ્રરાજસિંહ સિંઘવીએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રચારાર્થે જનતાદળ (યુ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ શરદ યાદવ આગામી તા. ૭મી ડિસેમ્બર વડોદરા આવી પહોંચશે અને તેઓ તા. ૧૨ સુધી ગુજરાતમાં રોકાણ કરીને ચૂંટણી પ્રચાર કરશે. અંબાજીથી ડાંગ સુધીના આદિવાસી વિસ્તારોમાં જેડીયુનું સારૂ એવું વર્ચસ્વ છે. આ ટ્રાઈબલ વિસ્તારની કુલ ૨૮ બેઠકોમાંથી ૧૫ બેઠકો કોંગ્રેસ પાસે, ૧૦ બેઠકો ભાજપ પાસે અને બે બેઠકો અમારી પાસે છે. અમે ડેડીયાપાડા, ઝઘડિયા, માંગરોળ, નિઝર અને છોટાઉદેપુર સહિતના વિસ્તારોનો પ્રવાસ કર્યો છે. મતદારો જેડીયુને જીતાડવા ઉત્સુક છે. આ ઉપરાંત કચ્છ સહિત સૌરાષ્ટ્રમાં પણ જેડીયુ ચૂંટણી લડી રહ્યું છે. કચ્છના અંતરિયાળ ગામો હજુ વિકાસથી વંચિત છે. તેમણે કહ્યું હતું કે, ભાજપની સરકારે માત્ર શહેરો જ વિકાસ કર્યો છે. ટ્રાઈબલ વિસ્તારની સ્થિતિ તો એની એ જ છે. ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને કેવી રીતે લાભ મળે એ અમારી પાર્ટીનો મુખ્ય એજન્ડા છે. ગુજરાતમાં ઓછામાં ઓછી ૧૦ બેઠકો તો જીતીશું જ એવો વિશ્વાસ છે.

# હવે, સૌરાષ્ટ્ર રાજકીય સમરાંગણ


૨૦૧૨ની વીસમી ડિસેમ્બર ગુજરાત આગામી દાયકાની પ્રસ્તાવના બની રહેવાની છે. માયા કેલેન્ડર મુજબ ૨૧ ડિસેમ્બર, ૨૦૧૨ એ સૃષ્ટિના અંતની તારીખ છે. આપણે એક મુદ્દે આશ્વસ્ત છીએ તે એ કે અણધાર્યો અપસેટ સરજાય તો ૨૧મી ડિસેમ્બરે બહુ બહુ તો કદાચ ગુજરાતની સરકાર બદલાઇ શકે - એ રીતે એ એક 'માયાવી સૃષ્ટિ'ના અંતની ઐતિહાસિક તિથિ તરીકે યાદગાર બની રહે, તે બનવાજોગ છે; પરંતુ સૃષ્ટિ પર માનવજાત યથાવત્ રહેશે, દુનિયા છે એમ જ રહેવાની છે અને ભારત પણ દુનિયાના જ નકશાનો એક ભાગ હોઇ એમાં કોઇ વિશેષ ફેરફાર થવાની શક્યતા નહીંવત જ છે!

આગામી ૧૩ ડિસેમ્બરના દિવસે સૌરાષ્ટ્ર - દક્ષિણ ગુજરાતની બેઠકો પર પહેલા તબક્કાનું મતદાન થશે. આ મતદાન જ ગુજરાતનું સમગ્ર ભાવિ નક્કી કરશે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. સૌરાષ્ટ્ર ક્યારેક અલગ રાજ્યનો દરજ્જો ધરાવતું હતું. ઢેબરભાઈ જેવા પવિત્ર નેતા દીવો લઈને શોધવા નીકળીએ તો પણ મળે કે કેમ એ પ્રશ્ન છે. સ્વતંત્ર સૌરાષ્ટ્રના એ પહેલાં પંતપ્રધાન હતા. એમની સાદગીની વાત કરીએ તો આજના નેતાઓ તરફ કાં તો નફરત જાગે અથવા કરૂણાભાવ ઉત્પન્ન થાય.

સૌરાષ્ટ્રના પરંપરાગત કોંગ્રેસી ગઢને ધરાશાયી કરવાનું શ્રેય પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલને જાય છે. એમણે છેક પાયાથી ચણતર કરીને જનસંઘ અને પછી ભારતીય જનતા પાર્ટી તરીકે ઓળખાતા કોંગ્રેસ વિરોધી રાજકીય સંગઠનની ભવ્ય ઈમારત ખડી કરી. એમાં એમનાં અઠંગ સાથીદારો તરીકે રાજકોટના સ્વ. ચીમનભાઈ શુક્લ, સ્વ. અરવિંદ મણિયાર અને ભાવનગરના સ્વ. હરિસિંહ ગોહિલ તેમ જ જૂનાગઢના સ્વ. સૂર્યકાંત આચાર્યનો પણ ફાળો હતો.

કેશુભાઈ પટેલ એ રીતે જોતાં ભારતીય જનતા પાર્ટીના ભીષ્મ પિતામહ ગણાય. એમને શૂન્યમાંથી સર્જન કરીને પાર્ટીને સત્તાના સિંહાજન સુધી પહોંચાડી હતી. આજે જયારે કેશુભાઇ પોતે જ મહામહેનતે ઉગાડેલા 'કમળ'ને ધોકો (બૅટ) લઇ કચડી નાખવા મેદાને પડ્યા છે. ત્યારે દેખીતું છે કે નરેન્દ્ર મોદીને ઉત્તર ગુજરાતના નેતા ગણનારા સૌરાષ્ટ્રના મતદારો મોળો પ્રતિસાદ આપવાનું પસંદ કરે. અલબત્ત, નરેન્દ્ર મોદીએ એમની રાજકીય કારકિર્દીની શરૂઆત રાજકોટની વજૂભાઇ વાળાની બેઠક પરથી ચૂંટાઇને કરી `હતી. પરંતુ એમનો રાજકોટ વિજય એ એમનો પોતાનો વિજય ન હતો. એ બેઠક તો વજુભાઇ વાળાની મહેરબાનીથી મળી હતી. વજુભાઇ વાળા રાજકારણમાં કેશુભાઈની જ આંગળી પકડીને આવેલા, પરંતુ એ પછી એમને રાજકોટ પર એમનો દબદલો સતત જાળવી રાખ્યો છે. એમના વિશે એક લોકાક્તિ પ્રચલિત બની ગઇ છે : 'રાજકોટમાં વાડા એટલા વાળાનાં!' અર્થાત્ જમીનનાં ધંધાદારીઓ સાથેની મહોબત અને ભાગીદારી વ્યવસાયે વકીલ એવા આ કારડિયા બંધુને અનુકૂળ આવી ગઇ છે. મોદીએ પણ વજુભાઇનું આ વર્ચસ્વ નજરોનજર નિહાળી લીધા પછી બીજી વાર સૌરાષ્ટ્રમાંથી ચૂંટણી લડવાનો વિચાર માંડી વાળ્યો હતો અને અમદાવાદની સલામત બેઠક શોધી લીધી હતી.

રાજકોટ પર આજે જેટલો વક્કર વજુભાઈ વાળાનો છે, એટલો અન્ય કોઈ નેતાનો નથી. જો કે અહીં ક્યારેક 'ઠાકોર સાહેબ' મનોહરસિંહ જાડેજાનો પડ્યો બોલ ઝિલાતો હતો અને હાલનાં ચાલુ સાંસદ પણ કોંગ્રેસ




### ચૂંટણી ચક્રવ્યૂહ

\- યુયુત્સુ દેસાઈ

કુંવરજી બાવળિયા છે. એટલે કોંગ્રેસનું પણ રાજકોટમાં વજૂદ અકબંધ છે. આવા સંજોગોમાં હવે જયારે કેશુભાઇ પટેલ એમની પરિવર્તન પાર્ટીનું બૅટ લઈને મેદાને પડ્યા છે ત્યારે રાજકોટની પ્રજા માટે કોની સાથે જવું - એ પ્રશ્ન છે. સોનિયા ગાંધીની રાજકોટમાં થયેલી જાહેરસભા એ ગુજરાતમાં અત્યાર લગી યોજાયેલી જંગી જાહેર સભાઓ પૈકીની સૌથી મોટી જાહેર સભા ગણાઈ છે. કેશુભાઇ પટેલની જાહેરસભા પણ એમની અપેક્ષા કરતાં ઘણી વધારે સફળ રહી હતી. સોનિયા ગાંધીએ ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રચાર માટેના શ્રીગણેશ ગાંધીજંયતી પ્રસંગે જ રાજકોટથી કરી તે સૂચક છે. ઘણાં વર્ષોથી ગુજરાતને કોંગ્રેસ પક્ષે સૌરાષ્ટ્રવાસી મુખ્યમંત્રી નથી આપ્યો. કદાચ આ મેણું ભાંગવાને સંકેત સોનિયા ગાંધીની રાજકોટની રેલી દ્વારા વ્યક્ત થયા છે. ભાવનગરથી ચૂંટાતા રહેલા અને હાલ ભાવનગરથી જ ચૂંટણી લડી રહેલા શક્તિસિંહ ગોહિલ વિપક્ષના નેતા છે અને કેન્દ્રિય હાઈકમાન્ડની 'ગુડબુક'માં છે. એમની કાર્યદક્ષતા અને પ્રતિભા પણ મુખ્યમંત્રીપદને છાજે એ બરની છે. વર્તમાન પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયા પોરબંદરથી ચૂંટણી લડી રહ્યા છે. આમ જુઓ તો સૌરાષ્ટ્રમાં ત્રણેય મુખ્ય પક્ષોનાં ધુરંધરો અને પ્રદેશ પ્રમુખો મેદાનમાં છે. મોદીને બાદ કરતાં ભાજપના પ્રદેશ પ્રમુખ ફળદુ અને મહારથી વજુભાઈ વાળા સૌરાષ્ટ્રમાંથી ચૂંટણી લડી રહ્યાં છે, તો વળી મોદીને કોઇ પણ હિસાબે માત આપવાની નેમ સાથે 'સૌરાષ્ટ્રના સિંહ' ગણાતા વયોવૃદ્ધ લોકનાયક - જેમને આખું ગુજરાત 'કેશુબાપા' જેવા આદરણીય નામે સંબોધે છે - તેઓ પણ આરપારની લડાઈ લડી લેવા મેદાનમાં છે. કેશુભાઈની ઉપસ્થિતિ અત્યાર સુધીનાં રાજકીય સમીકરણોને ધરમૂળથી બદલી નાખવાની ક્ષમતા ધરાવે છે. વિઘ્ન સંતોષી લોકો અને રાજકીય નિરીક્ષકો ભલે એમને ફકત લેઉવા પાટીદારોના નેતા કહી ઉતારી પાડવા મથે પરંતુ કેશુભાી એ 'માસ લીડર' તે ન ભૂલવું જોઈએ. એમની બરોબરી કરી શકે એવા બીજા 'માસ લીડર' માધવસિંહ સોલંકીને પણ એમણે જ્ઞાતિ સમીકરણો બદલીને માત આપી હતી. સૌરાષ્ટ્રમાંથી એમણે કોગ્રેંસને પરાજિત કરવા માટે કેશુભાઈ પટેલે પાટીદાર સમાજ ઉપરાંત કોળી પટેલ, કારડિયા, કાઠી અને સતવારાઓનો સાથ લીધો હતો અને એ રીતે કોગ્રેંસની 'ખામ' થિયરીને ફેઈલ કરી બતાવી હતી. અત્યારે પણ કેશુભાઈ પટેલની એ લોકપ્રિયતા મહદંશે અકબંધ રહેવા પામી છે. એમની ધાક જ એવી છે કે છડેચૉક નવો પક્ષ રચી ગુજરાતમાંથી ભારતીય જનતા પાર્ટીની સત્તાને ધરમૂળથી ઉખેડી નાખવા કેસરીયાં કર્યા હોવા છતાં નથી તો એમની વિરૂદ્ધ ભારતીય જનતા પાર્ટીના હાઈકમાન્ડે એક ઊનો હરફ ઉચ્ચાર્યો કે નથી બેફામ વકતવ્યો માટે નામચીન ગણાતા મોદીએ એમની સામે મોરચો માંડ્યો.

સૌરાષ્ટ્રમાં લેઉવા પાટીદારોનું મસમોટું સામાજિક સંગઠન 'ખોડલધામ' નિમિતે ઊભું થયું છે. આ સંગઠનના યુવાન સૂત્રધાર નરેશ પટેલ વધુમાં વધુ લેઉવા પાટીદારોને ચૂંટાવી લાવવા કૃતનિશ્ચય છે. કોગ્રેંસના લોકપ્રિય સંસદ સભ્ય વિઠ્ઠલ રાદડિયા પણ લેઉવા પાટીદાર છે, અને એમ તો મોદીના વિશ્વાસુ અને વર્તમાન કૃષિમંત્રી દિલીપ સંઘવી પણ લેઉવા પાટીદાર જ છે. પરંતુ 'સમાજ' જેમને સ્વીકારે છે એવા નેતાઓ તરીકે કેશુભાઈ પટેલ નંબર વન છે. ગોરધન ઝડફિયા પણ લેઉવા પાટીદાર અગ્રણી છે. એમણે બાપુનગર કે ભાવનગર પંથકને બદલે વધુ સલામત એવી ગોંડલ બેઠક પર પસંદગી ઉતારી છે, એનું એક કારણ એ પણ હોઈ શકે કે એમને કેશુભાઈ પટેલના અર્જુન બનીને આખા ગુજરાતમાં ઝંઝાવાતી પ્રચાર કરવાનો છે. કેશુભાઈ પટેલની પરિવર્તન પાર્ટીના ઉમેદવારોની હાજરીથી સૌરાષ્ટ્રની બાવન બેઠકોની હારજીતનું ચિત્ર બદલાઈ જવાનું છે. જૂનાગઢ, જામનગર, રાજકોટ અને અમરેલી જિલ્લાઓ ઉપરાંત કેશુભાઈ પટેલના કેટલાક ઉમેદવારો સુરેન્દ્રનગર અને ભાવનગર પંથકમાં પણ સારો દેખાવ કરી શકે એમ લાગે છે. કેશુભાઈ પટેલના કેટલા ઉમેદવારો જીતશે એ કહેવું ઘણું અઘરું છે પણ ગણતરી પૂર્વક મુકાયેલા એમના અનેક ઉમેદવારો સૌરાષ્ટ્રમાં ભાજપનું ગણિત બગાડી મૂકશે, એટલું તો જરૂર કહી શકાય એમ છે.

કેશુભાઈ પટેલનો પરિવર્તન રથ ભાજપના વિજય રથ સામે મોટો પડકાર બનીને ઊભો છે અને એમને મળી રહેલાં આવકારથી ડરી જઈને ભાજપના હાઈકમાંડને સાગમટે ગુજરાતનું રજવાડું બચાવવા ઊતરી આવવું પડ્યું છે. ક્યારેક નરેન્દ્ર મોદીએ એવો દાવો કરેલો કે મારે કોઈ મોટો નેતાને પ્રચાર માટે બોલાવવાની જરૂર નથી, એને ઠેકાણે ચૂંટણી જંગની શરૂઆતમાં જ આખો ભારતીય જનતા પક્ષ એમની કુમકે દોડી આવ્યો છે, તે જ શું સૂચક બાબત નથી? (વધુ આવતીકાલે...)

**આજે જયારે કેશુભાઇ પોતે જ મહામહેનતે ઉગાડેલા 'કમળ'ને ધોકો (બેટ) લઇ કચડી નાખવા મેદાને પડ્યા છે, ત્યારે દેખીતું છે કે નરેન્દ્ર મોદીને ઉત્તર ગુજરાતના નેતા ગણનારા સૌરાષ્ટ્રના મતદારો મોળો પ્રતિસાદ આપવાનું પસંદ કરે**

**સૌરાષ્ટ્રની પર બેઠકોમાં ૧૫ થી ૧૮ બેઠકો પર પરિવર્તન પાર્ટી ભાજપને નુકશાન કરી શકે છે - રાજ્યના મુખ્ય ત્રણ રાજકીય પક્ષોના પ્રમુખો સૌરાષ્ટ્ર માંથી ચૂંટણી લડે છે; કેશુભાઈ પટેલ, અર્જુન મોઢવાડીયા, આર.સી. ફળદુ, વજુભાઈ વાળા, વિઠ્ઠલ રાદડિયા, શક્તિસિંહ ગોહિલ, કુંવરજી બાવળીયા, દિલીપ સંઘાણી અને ગોરધન ઝડફિયા જેવા કદાવર નેતાઓ સૌરાષ્ટ્રમાંથી જંગમાં છે**